# ભિલોડામાં રેતી ભરેલી પાંચ ઓવર લોડ ટ્રકો ઝડપાઈ

## અરવલ્લી જીલ્લા ખાણ-ખનીજ વિભાગના અધિકારીઓનો સપાટો : રેતી-કપચીનો બે નંબરનો ધીકતો ધંધો કરતા વેપારીઓમાં ભારે ફફડાટ

ભિલોડા, તા.૨૫

અરવલ્લી જીલ્લાના ભિલોડા-ઈડર-શામળાજી ધોરીમાર્ગ ઉપર આવેલ ભિલોડામાં રેતી ભરેલી ઓવર લોડ પાંચ ટ્રકો અરવલ્લી જીલ્લા ખાણ-ખનીજ વિભાગના બાહોશ અધિકારી અજીતસિંઘ તેમજ સ્ટાફ પરીવાર ધ્વારા ઝડપાઈ છે. રેતી-કપચીનો બે-નંબરનો ધીકતો ધંધો કરતા વેપારીઓ, ટ્રક ચાલકો અને ટ્રક માલીકોમાં ભારે ફફડાટ ફેલાયો હોવાનું લોકમુખે જાણવા મળેલ છે.



અરવલ્લી જીલ્લા ખાણ-ખનીજ વિભાગના બાહોશ અધિકારીઓ ધ્વારા ટ્રકોમાં ઓવર લોડ રેતી-કપચી ભરી વહન કરતા ટ્રકોની ચેકીંગ ઝુંબેશ આજે સવારે ૧૦ વાગ્યાના સુમારે હાથ ધરવામાં આવી હતી ત્યારે ઓવર લોડ રેતી ભરેલી પાંચ ટ્રકો ઝડપાઈ હતી. ટ્રક નંબરો નીચે મુજબ છે. (૧) જી.જે.૯. ઝેડ.૭૫૦૮ (૨) જી.જે.૯. વી.૭૬૧૧ (૩) જી.જે.૯. ઍક્સ.૭૪૩૯ (૪) જી.જે.૨. ઝેડ.૧૬૯૮ (૫) જી.જે.૦૯. એવી.૫૩૯૧ છે.

અરવલ્લી જીલ્લા ખાણ-ખનીજ વિભાગના અધિકારીઓ ધ્વારા વધુ ન્યાયિક તપાસ હાથ ધરવામાં આવે તો ટ્રકોમાં ઓવર લોડ રેતી-કપચી, લોખંડ સહિત વિવિધ પ્રકારની ચીજ-વસ્તુઓ ટ્રકોમાં ટ્રક ચાલકો ઓવર લોડ ભરી આર.ટી.ઓ. અને પોલીસ તંત્રના બીલકુલ ડર વગર કાયદાની ઐસી-તૈસી કરી બિન્દાસ્ત પુરપાટ ઝડપે ટ્રકો હંકારતા હોવાના કારણે પ્રજાજનો હેરાન-પરેશાન બન્યા હોવાનું લોકમુખે ચર્ચાય છે. રેતી-કપચીનો મોટા પાયે ધંધો કરતા વેપારીઓ અને ટ્રક ચાલકો ટ્રકોમાં ઓવર લોડ રેતી-કપચી ભરી બિન્દાસ્ત સ્ટોક કરી મન ફાવે તેમ ધોળા દિવસે લુંટ ચલાવતા હોવાનું લોકમુખે ચર્ચાતો પ્રાણ પ્રશ્ન છે. રેતી-કપચીના વ્યવસાય સાથે સંકળાયેલા અનેક નાના-મોટા વેપારીઓએ મોટા-મોટા ગોડાઉનો રાખી ઠેર-ઠેર જાહેર રસ્તાઓ ઉપર દબાણો કરતા હોવાનું જાણવા મળેલ છે. રેતી-કપચીના જાણે કે ગોડાઉનોમાં ડુંગર બનાવ્યા હોય તેમ રેતી-કપચીના ઢગલા વેપારીઓના ગોડાઉનો ઉપર જોવા મળતા હોય છે. ખાણ-ખનીજ વિભાગના નિતી-નિયમો પ્રમાણે અમુક હદ મર્યાદામાં રેતી, કાંકરો તેમજ નદીના ડોરવા પથ્થરોનું લીઝ મંજુર કરવામાં આવે છે પરંતુ અત્રે ઉલ્લેખનીય છે કે લીઝ ધારકો નદીઓમાં જે.સી.બી.મારફતે મોટા-મોટા ખાડા કરી આડેધડ ખોદકામ કરી નદીઓના કુદરતી વહેણમાં આડખીલી રૂપ બનતા હોય છે જેના કારણે ઉપરવાસમાં જ્યારે ચોમાસાની સીઝનમાં ભારે વરસાદ આવે ત્યારે હાથમતી નદી, બુઢેલી નદી અને ઈન્દ્રાસી નદીઓમાં પાણીના ઘોડાપુર આવતા હોય છે ત્યારે નદીઓની આજુ-બાજુ આવેલા ખેતરોનું ધોવાણ થતું હોય છે ત્યારે ખેડુતોએ માથે પોક મુંકી રોવાનો વારો આવતો હોય છે. અરવલ્લી જીલ્લા ખાણ-ખનીજ વિભાગના જવાબદાર અધિકારીઓ ધ્વારા સત્વરે આ બાબતે ન્યાયિક કાર્યવાહી કરવામાં આવે તો લીઝ ધારકોના મોટા-મોટા કૌભાંડો બહાર આવી શકે તેમ લોકમુખે ચર્ચાતો પ્રાણ પ્રશ્ન છે.

# સાબરકાંઠા લોકસભા ચૂંટણી માટે વહીવટીતંત્ર સજ્જ

## ૭૬૮૭૨૫ મહિલા અને ૮૨૦૭૬૯ પુરુષ મતદારો મત આપી ઉમેદવારનું ભાવી નક્કી કરશે : લોકસભાની સાથે હિંમતનગર વિધાનસભાની ચૂંટણી યોજાશે

હિંમતનગર, તા. ૨૫

સાબરકાંઠા લોકસભા અને હિંમતનગર વિધાનસભાની ચૂંટણી મુક્ત અને ન્યાયી વાતાવરણમાં યોજાય તે માટે વહીવટીતંત્ર સજ્જ બન્યું છે. જિલ્લા કલેક્ટર અને ચૂંટણી અધિકારી બંછાનિધિ પાનીના માર્ગદર્શન અને સીધી રાહબરી હેઠળ વહીવટી તંત્ર દ્વારા ચૂંટણી કામગીરીને વેગ અપાઈ રહ્યો છે. આચારસંહિતાનો ચુસ્ત અમલ થાય તે માટે ઉમેદવારો લોકસભાની સાથે હિંમતનગર વિધાનસભા બેઠક માટે પણ ૩૦મીએ મતદાન થનાર છે. ત્યારે મુક્ત અને ન્યાયી પ્રક્રિયાથી ચૂંટણી થાય તે માટે વહીવટીતંત્રએ પણ કમર કસી છે. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર બંછાનિધિપાનીની સીધી દેખરેખ હેઠળ વહીવટીતંત્ર ચૂંટણી કામગીરીમાં જોતરાઈ ગયું છે. આચારસંહિતાનું ચુસ્ત પાલન થાય તે માટે જુદી જુદી ટીમો કાર્યરત થઈ મોરચો સંભાળી લીધો છે. સાબરકાંઠા ઉપર વહીવટીતંત્રની બાજ નજર છે. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા માટે પણ તંત્ર દ્વારા અસરકારક આયોજન ગોઠવવામાં આવી રહ્યું છે. જિલ્લાના કુલ ૧૫૮૯૪૦૯ જેટલા મતદારો મતદાન કરી ઉમેદવારોનું ભાવી નક્કી કરશે.

### સાબરકાંઠા ક્યાં કેટલા મતદારો

| વિધાનસભા મતવિભાગનું નામ | પુરૂષ મતદારો | સ્ત્રી મતદારો | કુલ મતદારો |
| --- | --- | --- | --- |
| ૨૭-હિંમતનગર | ૧૧૮૮૬૮ | ૧૧૦૮૧૫ | ૨૨૯૬૮૩ |
| ૨૮-ઈડર (અ.જા.) | ૧૨૩૯૭૦ | ૧૧૬૯૧૪ | ૨૪૦૮૮૪ |
| ૨૯-ખેડબ્રહ્મા (અ.જ.જા.) | ૧૦૮૦૭૫ | ૧૦૨૧૫૦ | ૨૧૦૨૨૫ |
| ૩૩-પ્રાંતિજ | ૧૧૫૩૪૬ | ૧૦૬૭૦૮ | ૨૨૨૦૫૪ |
| કુલ મતદારો (સાબરકાંઠા જિલ્લો) | ૪૬૬૨૫૯ | ૪૩૬૫૮૭ | ૯૦૨૮૪૬ |
| ૩૦-ભિલોડા (અ.જ.જા.) | ૧૩૦૯૬૮ | ૧૨૨૨૬૦ | ૨૫૩૨૨૯ |
| ૩૧-મોડાસા | ૧૧૬૨૩૩ | ૧૦૯૩૫૦ | ૨૨૫૫૮૩ |
| ૩૨-બાયડ | ૧૧૭૩૦૯ | ૧૦૦૫૨૮ | ૨૦૭૮૩૭ |
| કુલ મતદારો (અરવલ્લી જિલ્લો) | ૩૫૪૫૧૦ | ૩૩૨૧૩૮ | ૬૮૬૬૪૯ |
| કુલ મતદારો | ૮૨૦૭૬૯ | ૭૬૮૭૨૫ | ૧૫૮૯૪૯૫ |

સમગ્ર રાજ્યમાં આગામી ૩૦ એપ્રિલે લોકસભાની ચૂંટણી યોજાનાર છે. જેમાં સાબરકાંઠા લોકસભા સંસદીય વિસ્તારમાં ૭૬૮૭૨૫ સ્ત્રી મતદારો અને ૮૨૦૭૬૯ પુરૂષ મળી કુલ ૧૫૮૯૪૦૯ જેટલા મતદારો નોંધાયેલા છે. મતદાર યાદીમાં મતદારોની ફોટો ઈમેજ અને ઓળખકાર્ડમાં ૧૦૦ ટકા કામગીરીમાં જિલ્લો રાજ્યમાં અગ્રેસર છે. સાબરકાંઠા લોકસભાની સાથે હિંમતનગર વિધાનસભા બેઠક માટે પણ ચૂંટણી યોજાનાર છે.

# નાપડા પાસે લકઝરી બસ ટ્રક સાથે અથડાતા ૧૨ને ઈજા

હિંમતનગર, તા.૨૫

શામળાજી નજીક આવેલા નાપડા પાસે મંગળવારે વહેલી સવારે રાજસ્થાનના કોટાથી અમદાવાદ જઈ રહેલી એક મુસાફર ભરેલી લકઝરી બસના ચાલકે ગાડી પરનો કાબુ ગુમાવી આગળ જતા ટ્રકની પાછળ ટકરાવતા અકસ્માત સર્જાયો હતો. જેમાં બસમાં સવાર ૧૨ મુસાફરોને ઈજાઓ થતાં શામળાજી રેફરલ હોસ્પિટલમાં સારવાર બાદ હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. બનાવ અંગે પોલીસે ઘટના સ્થળે પહોંચી કાયદેસર કાર્યવાહી કરવાની તજવીજ હાથ ધરી હતી. આ અંગે રૂબરૂ સ્થળ પરથી પ્રાપ્ત વિગતો અનુસાર મંગળવારે વહેલી સવારે રાજસ્થાનના કોટાથી મુસાફર ભરી લકઝરી બસ નંબર આર.જે. ૨૦ પી.બી. ૦૦૭૭ અમદાવાદ તરફ જઈ રહી હતી. દરમિયાન શામળાજી નજીક આવેલા નાપડા પાસે આ બસના ચાલકે ગાડી બેદરકારી પૂર્વક ચલાવી આગળ જઈ રહેલા એક ટ્રકની પાછળ ટકરાવી દેતા અકસ્માત સર્જાયો હતો. જેમાં બસમાં બેઠેલા મુસાફરો પૈકી ૧૨ વ્યકિતઓને ઈજાઓ થઈ હતી. ત્યારે આ ઈજાગ્રસ્તોને નેશનલ હાઈવે પેટ્રોલીંગ વાનના રૂટ પેટ્રોલીંગ ઓફીસર પરેશભાઈ પટેલ અને રહેવર મહિપાલસિંહ તેમજ પાઈલોટ રમેશભાઈ દ્વારા શામળાજી રેફરલ હોસ્પિટલમાં લવાયા હતા. જે પૈકી છ જણાની હાલત વધુ ગંભીર જણાતા પ્રાથમિક સારવાર અપાયા બાદ વધુ સારવાર અર્થે હિંમતનગર સિવિલમાં મોકલાયા હતા. બનાવ અંગે શામળાજી પોલીસે ઘટના સ્થળે પહોંચી કાયદેસરની કાર્યવાહી કરવાની તજવીજ હાથ ધરી છે.



સાબરકાંઠા લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર દિપસિંહ રાઠોડના પ્રચાર કાર્યાલયનું વિધિસર ઉદ્‌ઘાટન કરી કાર્યાલયને ખુલ્લુ મુકવામાં આવ્યું હતું. આ ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ભાજપ કાર્યકરો જોડાયા હતા. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

# હિંગરાજ નજીક અજાણ્યા વાહનચાલકની ટક્કરથી બાઈક સવારનું મોત

હિંમતનગર, તા. ૨૫

ઈડર-હિંમતનગર માર્ગ પર આવેલ હિંગરાજ બસ સ્ટેન્ડ નજીક સોમવારે રાત્રે અજાણ્યા વાહનચાલકે બાઈક સવારને ટક્કર મારતા ગંભીર ઈજાને કારણે મોત નિપજ્યું હતું. જ્યારે અન્ય એકને ઈજા થઈ હતી. અકસ્માત કરીને વાહનચાલક ભાગી છુટ્યો હતો. આ અંગે જાદર પોલીસ સ્ટેશનના સૂત્રોના જણાવ્યુનુસાર પ્રાંતિજ તાલુકાના વાઘરોટા ગામના સંજયભાઈ કનૈયાલ સુથાર (ઉં.વ. આ. ૩૦) ઈડર-હિંમતનગર માર્ગ પરથી બાઈક નંબર જીજે-૯-એ.એમ. ૨૩૮૩ પર જઈ રહ્યા હતા દરમિયાન અજાણ્યા વાહનચાલકની પુરઝડપે, ગફલતભરી રીતે અને બેદરકારીથી વાહન હંકારી બાઈકને ટક્કર મારતા સંજયભાઈ જમીન પર પટકાયા હતા. જેથી ગંભીર ઈજાને કારણે તેમનું મોત નિપજ્યું હતું. જ્યારે બાઈક પાછળ બેઠેલા પીપરાળા ગામના રોહિતસિંહ નરેન્દ્રસિંહ રહેવરને ઈજા થતાં સારવાર અર્થે ખસેડાયા હતા.

# ડીસા-હારીજ બસમાં કંડકટર ન આવતા મુસાફરો રઝળ્યા

ડીસા, તા. ૨૫

ડીસાથી સવારે ૧૦ કલાકે ઉપડતી ડીસા વાયા સમી હારીજ બસ સ્ટેન્ડ પર લગાવ્યા બાદ કંડકટર નહીં આવતા મુસાફરો રઝળી પડ્યા હતા. તેમને પાટણ સુધી બસનો આસરો લઈ હારીજ પહોંચવુ પડ્યું હતું.

ડીસાથી સવારે ૧૦ વાગે ઉપડતી ડીસા વાયા પાટણ સમી હારીજ બસને ડ્રાયવરે રાબેતા મુજબ સ્ટેન્ડ પર લગાવી હતી. બસનું બોર્ડ જોઈ ૩૦ થી ૪૦ જેટલા મુસાફરો અંદર બેસી ગયા હતા. પરંતુ બસ લાંબો સમય સુધી નહી ઉપડતા મુસાફરોએ પુછપરછ બારી પર જઈ તપાસ કરતા જાણવા મળેલ કે આ બસના કંડકટર હજુ આવ્યા નથી. એટલે કંડકટર આવશે એટલે બસ ઉપડશે જ્યારે ડ્રાયવરે જણાવ્યું હતું કે આજે મહીલા કંડ્કટરની નોકરી છે પરંતુ તે હજુ સુધી આવ્યા નથી એટલે પાટણ સુધી બસમાં બેસી જાઓ. મુસાફરોને યોગ્ય જવાબ નહી મળતા મુસાફરોએ આખરે કંટાળી પાટણ સુધી જતી બસોમાં રવાના થયા હતા. આમ



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

જ્યારે ડેપો મેનેજરે ટેલિફોનિક વાતચીત દરમ્યાન જણાવ્યું હતું કે બહાર હોવાથી મને ખબર નથી આમ ડીસા ડેપોના ધણીધારી વિનાના વહીવટથી મુસાફરોને અવારનવાર કડવા અનુભવો થયા કરે છે.



(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)



લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૪ અંતર્ગત સાબરકાંઠા જિલ્લાની તા.૩૦ એ-િલ ૨૦૧૪ના રોજ મતદાન યોજાનાર છે. મતદાનના દિવસે મોટી સંખ્યામાં મતદાન થાય અને તેમાં ખાસ કરીને મહિલા તથા યુવા મતદારોની સામેલગીરી વિશેષ -માણમાં થાય તે હેતુસર જિલ્લા ચૂંટણી અધિકારી, દ્વારા સ્વીપ અંતર્ગત મતદાર જાગૃતિ અને લોક સામેલગીરીનો ખાસ કાર્યક્રમ હિંમતનગરના ટાઉનહોલ ખાતે યોજાયો હતો. જેમાં કલેકટર બંછાનિધિ પાનીએ જણાવ્યુ હતું કે, મતદાનના દિવસે મોટી સંખ્યામાં મતદાન થાય ખાસ કરીને યુવા મતદારો ઉત્સાહ દાખવી મોટા -માણમાં મતદાન કરે તે જરૂરી છે. આ મતદાર જાગૃતિ કાર્યક્રમના હિંમતનગરની હિંમત હાઈસ્કૂલ, ગ્રોમોર હાઈસ્કૂલ અને જૈનાચાર્ય હાઈસ્કૂલ, હિંમત, મદ્રેસા, ત્રિવેણી, મોર્ડન અને માયઓન હાઈસ્કૂલના વિધાર્થીઓ ધ્વારા રેલીનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ કાર્યક્રમમાં સ્વીપ નોડલ અધિકારી કે.એસ. વસાવા, જિલ્લા -ાથમિક શિક્ષણાધિકારી ત્રિવેદી, હિંમતનગર મામલતદારશ્રી પથિક પટેલ સહિત શહેરી મતદારો અને શાળાના બાળકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## સાબરકાંઠા જિલ્લામાં ચાર કરતાં વધુ વ્યક્તિઓને ભેગા થવા કે સભા સરઘસ કાઢવા પર પ્રતિબંધ

હિંમતનગર, તા. ૨૫

સાબરકાંઠા જિલ્લામાં કોઈ અનિચ્છનીય બનાવ ન સર્જાય તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે કાયદો અને વ્યવસ્થા જાળવવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ એસ.ડી.ધનાણીએ એક જાહેરનામું બહાર પાડી તા.૨૮/૦૩/૨૦૧૪ થી તા.૧૧/૦૪/૨૦૧૪ દરમિયાન ચાર કે તેથી વધુ વ્યકિતઓને ભેગા થવા, સભા ભરવા કે બોલાવવા, સૂત્રો પોકારવા, રેલી તથા સરઘસ કાઢવા, પથ્થર કે બીજા પદાર્થો સાથે લઈ જવા વિગેરે કૃત્યો પર -તિબંધ ફરમાવ્યો છે. સરકારશ્રીની કાર્યવાહીમાં રોકાયેલ કર્મચારીઓ, અધિકારીઓ કે પોલીસ કર્મીઓને લાગુ પડશે નહી. આ હુકમનો ભંગ કરનાર સામે પોલીસ અધિનિયમ અને ભારતીય ફોજદારી અધિનિયમની કલમ હેઠળ કડક શિક્ષાત્મક પગલાં લેવામાં આવશે.



## ખેડબ્રહ્મા ખાતે ચિત્ર વિચિત્ર મેળાની તૈયારીઓ માટે મીટીંગ યોજાઈ

ખેડબ્રહ્માની આદિજાતી વિકાસ કચેરીમાં મંગળવારના રોજ ચિત્રવિચિત્રના મેળા માટે પ્રયોજના વહીવટદાર કે.એમ. વસાવાના પ્રમુખસ્થાને મીટીંગ યોજાઈ હતી. જેમાં ગુણભાંખરી ખાતે આવનાર અમાસના દિવસે આદિવાસી સમાજનો ભવ્ય મેળો યોજાનાર છે. તેના સંદર્ભમાં તા. ૩૦ અને ૩૧ માર્ચના રોજ વહીવટીતંત્ર દ્વારા મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. ચૂંટણીનું જાહેરનામુ બહાર પડેલ હોય તેને અનુસરીને મેળો યોજાય અને આચારસંહીતાનો ભંગ ન થાય તેવું મીટીંગમાં ચર્ચાયુ હતુ. આ મીટીંગમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેની ચર્ચા કરવામાં આવી હતી. આ મીટીંગમાં આરોગ્ય, કાયદો, વાહન વ્યવહાર, વગેરે વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પ્રાંત અધિકારી પી.એસ. પ્રજાપતી, મામલતદાર, ખેડબ્રહ્મા ખેરોજ, પોશીના, પી.એસ.આઈ. બી.એચ.ઓ. સહીત તાલુકાના તમામ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

## કાયદો અને વ્યવસ્થા અંગે જાહેરનામું બહાર પડાયું

દેશના જુદા જુદા ભાગોમાં ત્રાસવાદી -વૃત્તિઓ તેમજ હુમલાઓને ધ્યાનમાં લઈ સાબરકાંઠા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ એસ.ડી.ધનાણીએ તા.૨૮/૦૩/૨૦૧૪ થી તા.૧૧/૦૪/૨૦૧૪ દરમિયાન ચાર કે તેથી વધુ વ્યકિતઓને ભેગા થવા પર -તિબંધ ફરમાવ્યો છે. ઉપરાંત સભા ભરવા કે સરઘસ કાઢવામાં આદર્શ આચારસંહિતાનો ભંગ થતો હોવાને લઈ જિલ્લામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેની તકેદારી રૂપે કાયદો અને વ્યવસ્થા અંગેનું જાહેરનામું બહાર પડાયું છે.



(તસવીર : પ્રવિણ પટેલ, દાંતીવાડા)

દાંતીવાડા તાલુકાના મડાણા ગામ જોડે આવેલ એસઆરપી કેમ્પ પાસે એક બાઈક ચાલક પોતાનું બાઈક લઈ ચંડીસરથી દાંતીવાડા તરફ જઈ રહ્યો હતો ત્યારે માર્ગમાં અચાનક બાઈકનો કાબુ ગુમાવતા પથ્થર સાથે અથડાઈ રોડની સાઈડ પર પછાડાતા ઘટના સ્થળે જ યુવકનું કમકમાટી ભર્યું મોત નિપજયું હતું. જેઓ પોતાનું બાઈક લઈ ચંડીસર થી દાંતીવાડા તરફ જઈ રહ્યો હતો ત્યારે કોઈ કારણોસર બાઈકનો કાબુ ગુમાવ્યો હતો અને કમનસીબે તે પથ્થર સાથે અથડાઈ રોડની સાઈડમાં ફેંકાયો હતો અને કમકમાટીભર્યું કંપાવનારું તેનું ઘટનાસ્થળે જ પ્રાણ પંખીડું ઉડી જતા તેનું મોત નિપજયું હતું.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેકટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧